VOICE OF VAODARA WEEKLY NEWSPAPER

RNI No. : GUJGUJ/2018/77001

વડોદરા થી દર મંગળવારે પ્રસિદ્ધ થતું અખબાર

# વોઈસ ઓફ વડોદરા

પ્રજાના પ્રશ્નોને વાંચા આપતું અગ્રીમ સાપ્તાહિક

EDITOR, OWNER, PUBLISHER AND PRINTER : GHADHIYALI MUMTAZ NISHAR MAHENDI

VOICE OF VADODARA

•તંત્રી: ઘડિયાળી મુમતાઝ નિસાર મહેંદી • વર્ષ - ૦૭ • અંક નં.૦૯ • તારીખ: ૧૧-૦૨-૨૦૨૫, મંગળવાર • મો. ૯૨૭૪૫૯૭૩૩૪ • કિંમત: ૧.૦૦ પાના -૪ • વાર્ષિક લવાજમ રૂા.૧૦૦

રજી. ઓફિસ એ-૧૫ રાજીવ આવાસ, જે.પી. પોલીસ સ્ટેશન, તાંદલજા, વડોદરા-૩૯૦૦૧૨, ગુજરાત

ન્યાયક્ષેત્ર વડોદરા કોર્ટને આધીન

EDITOR, OWNER, PUBLISHER AND PRINTER : GHADHIYALI MUMTAZ NISAR MAHENDI ■ YEAR : 07 ■ ISSUE : 09 ■ PAGE : 04 ■ PRICE RS.1.00 ■ DATE : 11-02-2025 TUESDAY ■ M. 9274597334 ■ WWW.VOVNEWS.IN

REGISTERED OFFICE : A-15 RAJIV AAVAS, NEAR J.P. POLICE STATION, TANDALJA VADODARA, 390012 (GUJARAT), VOICEOFVADODARA786@GMAIL.COM


# દિલ્હી વિધાનસભામાં 32 નવા ચહેરા, ભાજપના મોહન બિષ્ટ 6ઠ્ઠી વખત ચૂંટાયા

**મુખ્યમંત્રી આતિશીનું રાજીનામું, વિધાનસભા ભંગ કરાઈ, - દિલ્હીમાં ચૂંટણી લડનારા પ્રત્યેક ૧૦માંથી ૮ની જમાનત જપ્ત આપ-ભાજપના બધા ઉમેદવારો ડિપોઝીટ બચાવવામાં સફળ**

નવી દિલ્હી: દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં ભાજપે ઐતિહાસિક વિજય મેળવતા ૨૬ વર્ષે સત્તા પર કબજો જમાવ્યો છે. નવા ચૂંટાયેલા ૭૦ ધારાસભ્યોમાંથી ૩૨ પહેલી વખત વિધાનસભામાં પહોંચ્યા છે. મુસ્તફાબાદથી ભાજપના નેતા મોહનસિંહ બિષ્ટે ચૂંટણી જીતતા ૬ઠ્ઠી વખત ધારાસભ્ય બની શોએબ ઈકબાલના રેકોર્ડની બરાબરી કરી છે. જોકે, આ ચૂંટણીમાં લડનારા પ્રત્યેક ૧૦માંથી આઠ ઉમેદવારોની જમાનત જપ્ત થઈ ગઈ હતી. એટલે કે ચૂંટણી લડનારા ૬૯૯ સભ્યોમાંથી ૫૫૫ને ડિપોઝીટ બચાવવા જેટલા પણ મત મળ્યા નહીં.

આપના નેતા અને મુખ્યમંત્રી આતિશીએ રવિવારે ઉપરાજ્યપાલ



વીકે સક્સેનાને રાજીનામું આપતા તેમણે વિધાનસભા ભંગ કરવાનું જાહેરનામું બહાર પાડી નવી વિધાનસભાની રચનાનો માર્ગ મોકળો કર્યો છે.

નવી વિધાનસભામાં ચૂંટાયેલા ૭૦માંથી ૩૨ ધારાસભ્યો પહેલી વખત વિધાનસભામાં પહોંચ્યા છે, જેમાં ભાજપના સતીષ ઉપાધ્યાય, આશીષ સૂદ, રેખા ગુપ્તા, શિખા રોય, પૂર્વ મુખ્યમંત્રી મદનલાલ ખુરાનાના પુત્ર હરિશ ખુરાના સહિતના નેતાઓનો સમાવેશ થાય છે. આ સિવાય ભાજપના અરવિંદર સિંહ લવલી અને રાજકુમાર ચૌહાણ પાંચમી વખત જ્યારે ભાજપ અને ાપના કેટલાક નેતાઓ સતત ચોથી વખત ચૂંટણીમાં વિજય મેળવવામાં સફળ રહ્યા છે. બીજીબાજુ આપના ગોપાલ રાય, ઈમરાન હુસૈન, સહીરામ અને અમાનતુલ્લાહે વિજયની હેટ્રિક લગાવી છે. આ ચૂંટણીમાં કેટલાક આશ્ચર્યજનક આંકડા પણ સામે આવ્યા છે. આ વખતે ચૂંટણી લડનારા પ્રત્યેક ૧૦માંથી આઠ ઉમેદવારની જમાનત પણ જપ્ત થઈ ગઈ છે. એટલે કે દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં ઝુકાવનારા કુલ ૬૯૯ ઉમેદવારોમાંથી ૭૯.૩૯ ટકા જેટલા ૫૫૫ ઉમેદવારોએ તેમની ડિપોઝીટ ગુમાવી હતી. કોંગ્રેસના માત્ર ત્રણ ઉમેદવારો જ તેમની ડિપોઝીટ બચાવી શક્યા જ્યારે આપ, ભાજપ અને તેના સહયોગી પક્ષો જનતા દળ યુનાઈટેડ અને લોક જનશક્તિ પાર્ટી (રામવિલાસ)ના બધા જ ઉમેદવારોએ તેમની ડિપોઝીટ બચાવવામાં સફળ રહ્યા હતા.

ચૂંટણી કાયદા મુજબ સામાન્ય કેટેગરીના ઉમેદવારોએ ચૂંટણી લડવા માટે રૂ. ૧૦,૦૦૦ અને એસસી-એસટીના ઉમેદવારોએ રૂ. ૫,૦૦૦ ચૂંટણી ડિપોઝીટ તરીકે ભરવાના હોય છે. કોઈ ઉમેદવાર ચૂંટણી હારી જાય અને તેને મળેલા મત બધા ઉમેદવારોને મળેલા મતોના છઠ્ઠા ભાગ કરતાં ઓછા હોય તો તેમની ડિપોઝીટ જપ્ત થઈ જાય છે જ્યારે તેમને વધુ મત મળે તો ચૂંટણી ડિપોઝીટરૂપે ભરેલા રૂ. ૧૦,૦૦૦ અથવા રૂ. ૫,૦૦૦ પાછા મળે છે.

દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં પરાજયના બીજા દિવસે રવિવારે આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય કન્વિનર અરવિંદ કેજરીવાલે ચૂંટણીમાં જીતેલા ૨૨ ધારાસભ્યોની બેઠક યોજી હતી. કેજરીવાલે આ ધારાસભ્યોને તેમના મત-વિસ્તારોમાં કામ કરવા અને ભાજપ પાસે મહિલાઓને માસિક રૂ. ૨૫૦૦ આપવા સહિતના બધા જ વચનો પૂરા કરાવવા પર ભાર આપવા સલાહ આપી હતી. આતિશીએ કહ્યું કે, નવી વિધાનસભામાં આપ રચનાત્મક વિપક્ષની ભૂમિકા ભજવશે.

## ભારતીયોના ઘર, ઓફિસોમાં ટ્રમ્પની ટીમના સતત ચેકિંગથી ગભરાટ

અમદાવાદ: અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સત્તા સંભાળવાની સાથે ચૂંટણી પ્રચારમાં આપેલા વચન મુજબ ગેરકાયદે વસાહતીઓ પર તવાઈ શરૂ થઈ ગઈ છે. ટ્રમ્પે ગેરકાયદે વસાહતીઓ વિરુદ્ધ સૌથી મોટું અભિયાન શરૂ કર્યું છે, જેના ભાગરૂપે ઈમિગ્રેશન અધિકારીઓ કોઈના પણ ઘરમાં, ઓફિસોમાં ઘૂસીને તપાસ કરે છે. તેમને સંતોષકારક જવાબ ના મળે તો જે-તે વ્યક્તિની અટકાયત કરતાં પણ ખચકાતા નથી, જેને પગલે ગુજરાતીઓમાં ભારે ગભરાટ ફેલાયો છે. બીજીબાજુ ટ્રમ્પ સરકાર દ્વારા ડીપોર્ટેશનના ભયથી ભારતીય વિદ્યાર્થીઓ અભ્યાસની સાથેની પાર્ટ-ટાઈમ નોકરીઓ છોડી રહ્યા છે. તપાસ એજન્સીઓ વારંવાર તેમના આઈડી ચકાસી રહી છે.

અમેરિકા દાયકાઓથી યુવાનો વિશેષરૂપે ભારતીય યુવાનો માટે વૈશ્વિક સ્તરના શિક્ષણ અને ઊંચા પગારની તકો સહિત અનંત સંભાવનાઓની ભૂમિ રહી છે. જોકે, ડોનાલ્ડ ટ્રમ્પે બીજા કાર્યકાળમાં આકરી ઈમિગ્રેશન નીતિ અપનાવવાના કારણે સેંકડો યુવાનો માટે તેમનું અમેરિકન સ્વપ્ન ચકનાચુર થઈ ગયું છે. વિઝા અરજીઓ નકારી કાઢવા સાથે કામના સ્થળે વારંવાર તપાસ અને અનિશ્ચિતતા વધવાને કારણે સેંકડો વિદ્યાર્થીઓએ અભ્યાસની સાથે નોકરીનો વિકલ્પ પડતો મૂકવો પડયો છે.

# રહીશોમાં આક્રોશ:પીવાનું પાણી ડહોળું આવતાં વારસિયા રિંગ રોડના રહીશો લાલઘૂમ, કહ્યું હવે નેતાઓને પાઠ ભણાવીશું

**ખોડિયારનગરની સંખ્યાબંધ સોસાયટીમાં પાણી ઓછા પ્રેશરથી અને ગંદું મળતું હોવાની ફરિયાદો**

શહેરના પૂર્વ વિસ્તારમાં છેલ્લા ઘણા વર્ષોથી પીવાના પાણી ગંભીર સમસ્યા છે. તેવામાં વારસિયા રીંગ રોડ પર આવેલી મહાલક્ષ્મી સોસાયટીના રહીશોએ ગંદા પાણીના પ્રશ્નો મુદ્દે વિરોધ દર્શાવ્યો હતો. ગંદુ પાણી આવતું હોવાથી લોકોને નાણાં ખર્ચી ટેન્કર મંગાવા પડી રહ્યા છે.

શહેરના વોર્ડ નંબર 4 અને 5 છેલ્લા ઘણા વર્ષોથી પીવાના પાણીના પ્રેશર અને દૂષિત પાણીની સમસ્યા છે. રોજબરોજ પૂર્વ વિસ્તારમાં આજવા રોડ, ખોડીયારનગર સહિતના વિસ્તારની સંખ્યાબંધ સોસાયટીમાં પાણી ઓછા પ્રેશરથી આવતું હોવાની અને ગંદુ પાણી મળતું હોવાની ફરિયાદો ઉઠી રહી છે. ત્યારે વારસિયા રિંગ રોડ પર આવેલી મહાલક્ષ્મી સોસાયટીના રહીશોએ એકત્ર થઈ ગંદા પાણી મુદ્દે વિરોધ પ્રદર્શન કર્યું હતું.

સ્થાનિક મહિલાઓનું કહેવું છે કે છેલ્લા એક સપ્તાહથી ગંદુ પાણી આવી રહ્યું છે. જેના કારણે ખૂબ પરેશાની થઈ રહી છે. ઘણા વર્ષોથી પાણીના પ્રેસર અને ગંદા પાણીની છાસવારે સમસ્યા ઉદ્ભવે છે જેના કારણે પીવાનું પાણી નાણા ખર્ચીને મંગાવું પડે છે. પાલિકા વેરો સમયસર વસૂલે છે, પણ સમસ્યાનું નિરાકરણ લાવતી નથી. ચૂંટણી સમયે મત માંગવા આવતા રાજકીય નેતાઓને પાઠ ભણાવીશું તેવી ચીમકી ઉચ્ચારી છે.

સ્થાનિક રહીશ જયરામ ટીલવાનીએ જણાવ્યું હતું કે 3 દિવસથી વોર્ડ ઓફિસમાં રજૂઆત કરી છે પણ કોઈ જોવા આવ્યું નથી. ગંદુ પાણી આવતું હોવાથી વપરાશ માટે દિવસના 5 ટેન્કર મંગાવવા પડી રહ્યા છે. જેથી હાથમાં પાણીની બોટલ અને ગંદા પાણી સાથે વિરોધ પ્રદર્શન કરવું પડ્યું છે.

## પાણીગેટ બરાનપુરામાં ઊભરાતી ગટર, ગંદા પાણીથી રહીશો ત્રાસ્યાં

શહેરના પાણીગેટ બાવામાનપુરામાં છેલ્લા 3 દિવસથી ઉભરાતી ગટરથી રહીશો પરેશાન છે. બાવામાનપુરામાં ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. શહેરના પાણીગેટ બાવામાનપુરામાં છેલ્લા ત્રણ દિવસથી ગટરના પાણી ઉભરાય છે. સ્થાનિક રહીશોનું કહેવું છે કે, છેલ્લા ત્રણ દિવસથી ગટરની લાઈનો ઉભરાઈ રહી છે અને ગંદુ પાણી રોડ પર ફેલાયું છે. જેના કારણે તળાવ જેવી પરિસ્થિતિનું નિર્માણ થયું છે. મુખ્ય માર્ગ પર ગંદા પાણી ફેલાયા હોવાના કારણે ત્યાંથી અવર-જવર કરતા રાહદારીઓને પરેશાની થઈ રહી છે. નજીકના દિવસોમાં વિસ્તારમાં ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરાયું છે. તેવામાં ત્યાં આવતા લોકોને ગંદા પાણીમાંથી આવવું પડશે. આ અંગે કોર્પોરેશન તંત્રનું ધ્યાન દોરવામાં આવ્યું છે. મશીન આવે છે અને સાફ-સફાઈ કરે છે પરંતુ ફરીથી આ જ પરિસ્થિતિ ઊભી થાય છે. જેથી તેનું નિરાકરણ લાવવામાં આવે.

# માંજલપુર સહિતના વિસ્તારમાં કાલથી 4 કલાકનો વીજકાપ, 11મીથી 14મી સુધી સવારે 7થી 11 સુધી પુરવઠો બંધ રહેશે

એમજીવીસીએલ દ્વારા 10થી 14મી ફેબ્રુઆરી સુધી વિવિધ વિસ્તારોમાં 4 કલાક વીજ કાપની જાહેરાત કરી છે. મોટાભાગે વીજ કાપ સવારે 7 વાગ્યાથી શરૂ થશે, જેને કારણે ખાસ કરીને ગૃહિણી અને બાળકોને હાલાકી ભોગવવાનો વારો આવશે. નોંધનીય છે કે, હાલ શિયાળાની મોસમ છે, પરંતુ દિવસે ઉનાળા જેવી ગરમીનો અનુભવ થઈ રહ્યો છે ત્યારે વીજ કાપથી લોકોને પરેશાન થવું પડશે. રૂટીન મેન્ટેનન્સને કારણે આ કાપ મુકાયો હોવાનું વીજ કંપનીનાં સૂત્રોએ જણાવ્યું હતું.

મધ્ય ગુજરાત વીજ કંપનીની વીજ લાઈનના રિપેરિંગને કારણે વિવિધ વિસ્તારમાં જુદા જુદા દિવસે સવારે 7 વાગ્યાથી 11 વાગ્યા સુધી વીજ કાપ રખાયો છે. જેમાં 10મીએ બરાનપુરા સબ ડિવિઝન વિસ્તાર, 11મીએ માંજલપુર સબ ડિવિઝનમાં, 12મીએ અપ્સરા ફીડર આસપાસનો વિસ્તાર, 13મીએ સરસ્વતી ફીડર આસપાસનો વિસ્તાર, 15મીએ તુલસીધામ ફીડર આસપાસનો વિસ્તારમાં વીજકાપ રહેશે. જ્યારે 11મીએ વાડી સબ ડિવિઝન, 14મીએ રામદેવ ચોક સહિત આસપાસનો વિસ્તાર અને દીપ ફીડરથી વીજ પ્રવાહ મેળવતા આસપાસના વિસ્તારોમાં સવારે 7 વાગ્યાથી સવારે 11 વાગ્યા સુધી વીજ પ્રવાહ મળી શકશે નહીં.

### ક્યા વિસ્તારમાં કેટલા કલાક કાપ

**11** ફેબ્રુઆરી : અંબે ફિડરની આસપાસના વિસ્તારમાં સવારે 7થી 11 વાગ્યા સુધી

**12** ફેબ્રુઆરી : અપ્સરા ફીડર આસપાસનો વિસ્તાર સવારે 7થી 11 વાગ્યા સુધી


**13** ફેબ્રુઆરી : માંજલપુર સરસ્વતી ફીડર, તુલસીધામ ફીડર સવારે 7થી 11 વાગ્યા સુધી

**14** ફેબ્રુઆરી : દીપ ફીડરથી વીજ પ્રવાહ મેળવતા વિસ્તારમાં સવારે 7થી 11 વાગ્યા સુધી બંધ રહેશએ.

# ઐતિહાસિક ઈમારતોની દુર્દશા, ત્રણ વર્ષ પહેલા તુટેલી લહેરીપુરા ગેટની છતના સમારકામમાં અખાડા

વડોદરા: શહેરમાં સ્માર્ટ સિટીના વિકાસની વાતો વચ્ચે ઐતિહાસિક ઈમારતોની દુર્દશા તરફ જોવાની તસ્દી પણ મ્યુનિસિપલ કોર્પોરેશનના શાસકો લઈ રહ્યા નથી. વડોદરાના ચાર દરવાજા પૈકીનો એક લહેરીપુરા દરવાજાની છત ત્રણ વર્ષ કરતા વધારે સમયથી તુટેલી છે પરંતુ તેના સમારકામ માટે કોર્પોરેશનનું તંત્ર અખાડા કરી રહ્યું છે. સાર સંભાળના અભાવે આ દરવાજાની હાલત દિવસે ને દિવસે વધારે ખરાબ થઈ રહી છે.

મળતી વિગતો પ્રમાણે ૨૦૧૭માં ૭૫ લાખ રુપિયાના ખર્ચે આ દરવાજાનું રિનોવેશન કરવામાં આવ્યું હતું પરંતુ તેના ચાર જ વર્ષમાં સપ્ટેમ્બર ૨૦૨૧માં માંડ ચાર ઈંચ વરસાદમાં જ દરવાજાની છત તુટી પડી હતી. એ પછી આ દરવાજાના સમારકામ માટે કોઈ જાતની કાર્યવાહી થઈ નથી. વડોદરાના વાઘોડિયા રોડ પર રહેતા કલ્પેશ પટેલે આ મુદ્દા પર અત્યાર સુધીમાં કોર્પોરેશન પાસે ત્રણ વખત આરટીઆઈ કરીને જાણકારી માગી છે. કલ્પેશ પટેલના જણાવ્યા અનુસાર દર વર્ષે કોર્પોરેશન એવો બીબાઢાળ જવાબ આપે છે કે, અમે આર્કિઓલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયાને લહેરીપુરા ગેટની કામગીરી ઝડપથી કરવા માટે જણાવ્યું છે. લહેરીપુરા દરવાજા પર દીવાલો માટે જોખમકારક પીપળાનું વૃક્ષ પણ ઉગી ગયું છે. દીવાલ પરથી વૃક્ષ દૂર કરવાનું એક સામાન્ય કામ પણ કોર્પોરેશનથી થઈ શકતું નથી. ચોમાસામાં



અહીંયા પાણી ભરાતું હોવાથી દરવાજાની દીવાલોને સતત નુકસાન થઈ રહ્યું છે. દરવાજાની આસપાસ પથારાવાળાઓ દબાણ કરીને બેસી ગયા છે. ઘણી વખત તો લહેરીપુરા દરવાજાની દીવાલો પર પણ તેમનો સામાન લટકતો જોવા મળે છે.

કલ્પેશ પટેલનું કહેવું છે કે, આ મુદ્દે મેં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને પણ પત્ર લખ્યો હતો. મુખ્યમંત્રીએ તો મારી સાથે ફોન પર વાત પણ કરી હતી. જોકે એ પછી પણ કોર્પોરેશને સમારકામ શરુ કરવાની કોઈ હિલચાલ કરી નથી. શહેરના ન્યાયમંદિર વિસ્તારની જૂની કોર્ટની ઐતિહાસિક ઈમારતને પણ ખાલી કરે સાત વર્ષ થઈ ગયા પરંતુ તંત્ર આ ઈમારતનો શું ઉપયોગ કરવો તે હજી સુધી નક્કી કરી શક્યું નથી. ૧૨૫ વર્ષ જૂની આ ઈમારત મહારાજા સયાજીરાવે વડોદરાને ભેટમાં આપી હતી. તેમાં કોર્ટ ચાલતી હતી પરંતુ દિવાળીપુરા વિસ્તારમાં કોર્ટનું નવું બિલ્ડિંગ બન્યા બાદ ૨૦૧૮માં કોર્ટની બંને ઈમારતો ખાલી કરવામાં આવી હતી. આ પૈકીની એક લાલ કોર્ટ તરીકે ઓળખાતી ઈમારતમાં મ્યુઝિયમ બનાવવાનો પણ પ્રસ્તાવ મૂકાયેલો છે. જોકે હજી સુધી તો આ ઈમારતના ભાવિ અંગે કોઈ નિર્ણય લેવાયો નથી.

### ન્યાયમંદિરની ઈમારત સાત વર્ષથી ખાલી, દીવાલોનો ઉપયોગ વોશરુમ તરીકે થવા માંડયો

શહેરના ન્યાયમંદિર વિસ્તારની જૂની કોર્ટની ઐતિહાસિક ઈમારતને પણ ખાલી કરે સાત વર્ષ થઈ ગયા પરંતુ તંત્ર આ ઈમારતનો શું ઉપયોગ કરવો તે હજી સુધી નક્કી કરી શક્યું નથી.૧૨૫ વર્ષ જૂની આ ઈમારત મહારાજા સયાજીરાવે વડોદરાને ભેટમાં આપી હતી.તેમાં કોર્ટ ચાલતી હતી પરંતુ દિવાળીપુરા વિસ્તારમાં કોર્ટનું નવું બિલ્ડિંગ બન્યા બાદ ૨૦૧૮માં કોર્ટની બંને ઈમારતો ખાલી કરવામાં આવી હતી.આ પૈકીની એક લાલ કોર્ટ તરીકે ઓળખાતી ઈમારતમાં મ્યુઝિયમ બનાવવાનો પણ પ્રસ્તાવ મૂકાયેલો છે.જોકે હજી સુધી તો આ ઈમારતના ભાવિ અંગે કોઈ નિર્ણય લેવાયો નથી.વપરાશ વગર તો આ ઈમારતને પણ નુકસાન થવાનો ભય છે.તેના દરવાજા પણ તુટી ગયા છે.રાત્રીના સમયે તેની દીવાલોનો ઉપયોગ વોશરુમ તરીકે થવા માંડયો છે. બંને ઈમારતોની આસપાસ સફાઈના અભાવે પારાવાર ગંદકીનું સામ્રાજ્ય પણ જોવા મળી રહ્યું છે.

## ફેબ્રુઆરીના અંત સુધી ગુજરાતમાં ઠંડીનો ચમકારો રહેવાની આગાહી

ગુજરાતમાં મકર સંક્રાંતિ બાદ પણ ઠંડીએ વિદાય નથી લીધી. એવામાં હવામાન નિષ્ણાંત અંબાલાલ પટેલે ફેબ્રુઆરીમાં પણ ઠંડીનો ચમકારો યથાવત રહેશે તેવી આગાહી કરી છે. આ સિવાય રાજ્યમાં અનેક જિલ્લામાં માવઠાની આગાહી પણ કરી છે.

આ પણ વાંચો: જોડિયા નજીક માવનું ગામના પાટીયા પાસે હિટ એન્ડ રન ના બનાવમાં રસ્તો ક્રોસ કરી રહેલા 70 વર્ષના બુઝુર્ગ મહિલાનું કારની ઠોકરે અંતરિયાળ મૃત્યુ

હવામાન આગાહીકાર અંબાલાલ પટેલની આગાહી મુજબ, ફેબ્રુઆરીમાં સવારે સામાન્ય ઠંડી અને બપોરે ગરમીનો અહેસાસ થઈ શકે છે. 10 થી 16 ફેબ્રુઆરી સુધી ગરમીનો અહેસાસ થશે. બાદમાં 17 થી 19 ફેબ્રુઆરીના દિવસે ફરી પવનનું જોર વધતા ઠંડી પડશે. ફેબ્રુઆરી મહિનામાં ઉત્તર ગુજરાતના ભાગોમાં 12 ડિગ્રી સુધી તાપમાન પહોંચે તેવી શક્યતા છે.

# અકોટાથી મુજમહુડાના દોઢ કિમીના રોડ ઉપર 17મો ભૂવો પડતાં કોલ્ડ્રિંક ભરેલો ટેમ્પો ફસાયો

**અગાઉ પડેલા 16 ભૂવાનું 5 કરોડના ખર્ચે સમારકામ કરાયું હતું**

વિશ્વામિત્રીમાં આવેલા વિનાશક પૂર બાદ અનેક સ્થળોએ રોડ બેસી જવા અને ભૂવા પડવાની ઘટનાઓ બની છે. દરમિયાન અકોટા ગામથી મુજમહુડા સર્કલ સુધીના 1.4 કિમીના રોડ પર 16 ભૂવા પડ્યા છે. શનિવારે બપોરે તાજ વિવાન્તા હોટલની સામે કોલ્ડ્રિંક્સ ભરેલા ટેમ્પાનું ટાયર જમીનમાં ખૂંપી જતાં ભૂવો પડ્યો હતો.

ગત જુલાઈ-ઓગસ્ટમાં 3 વખત આવેલા પૂરે ભારે નુકસાન પહોંચાડ્યું હતું. બીજી તરફ રોડ, ડ્રેનેજ લાઈન અને વરસાદી ગટરને પણ ભારે નુકસાન થયું છે. અનેક સ્થળે મસમોટા ભૂવા અને રોડ બેસી જવાની અનેક ઘટના સામે આવી છે. જેમાં અકોટાથી મુજમહુડા તરફના રોડ પર એક પછી એક પડેલા 16 ભૂવાએ ઈતિહાસ સર્જ્યો છે. તેવામાં શનિવારે બપોરે તાજ વિવાન્તા હોટલ સામે કોલ્ડ્રિંક્સ ભરીને જતો ટેમ્પો એકાએક રોડમાં ખૂંપી ગયો હતો. આ રોડ પર વારંવાર પડતા ભૂવાથી લોકોમાં નારાજગી પ્રવર્તી હતી. અકોટા ગામથી મુજમહુડા ચાર રસ્તા સુધીના 1.4 કિમીના રોડ પર 16 ભૂવા પડ્યા છે. જેના રિપેરિંગનો ખર્ચ 5 કરોડ થયો છે ત્યારે 17મો ભૂવો પડતાં લોકોમાં નારાજગી ફેલાઈ છે. પૂર બાદ અકોટા રોડ પર મોટા ભૂવા પડી રહ્યા છે. જેનો સિલસિલો યથાવત્ રહ્યો છે. બે મહિના અગાઉ અકોટાથી મુજમહુડા રોડ પર કચરો નાખવા જતું ડોર ટુ ડોરનું વાહન ભૂવો પડતાં ખાબક્યું હતું. તેની સાથે વેપારી પણ ખાડામાં પડતાં ઈજા થઈ હતી.



## વોઈસ ઓફ વડોદરા રિપોર્ટરો જોગ

### જાહેર નોટિસ

આ વર્ષ પુરુ થતાં અને અંક પછી વોઈસ ઓફ વડોદરા ન્યુઝના તમામ રિપોર્ટરો, ફોટોગ્રાફરો અને બ્યુરોચીફના આઈ કાર્ડ ની અવધિ પુરી થતાં તમામ આઈ કાર્ડ રદ કરવામાં આવ્યા છે તો તમામ રિપોર્ટર હોદ્દેદારો પોતાના પાછલા વર્ષ ના આઈ કાર્ડ ઓફિસે જમા કરાવી જવા જે વ્યક્તિ જુના આઈ કાર્ડ ને લઈને ફરશે કે પકડાશે તેનીપર કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

તંત્રીશ્રી

# વડોદરા કોર્પોરેશન દ્વારા સુપ્રીમ કોર્ટના હુકમનું ઉલ્લંઘન કરી વધુ એક વખત બ્રિજ નીચે પે એન્ડ પાર્કની કાર્યવાહીથી વિવાદ

વડોદરા કૉર્પોરેશન તંત્ર દ્વારા સુપ્રીમ કોર્ટના ચુકાદાનું ઉલ્લંઘન કરીને શહેરના કારેલીબાગ ઓવરબ્રિજ નીચે પે એન્ડ પાર્કથી વાહન પાર્ક કરવાનો કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો છે. આવી જ રીતે ફતેગંજ ઓવર બ્રિજ નીચેની જગ્યા રેડીમેડ ગારમેન્ટવાળાને હંગામી બાંધકામ કરવા દઈને ધંધા રોજગારની છૂટ અપાઈ છે. આ ઉપરાંત લાલબાગ ઓવર બ્રિજ નીચેની ખુલ્લી જગ્યામાં રેન બસેરા બનાવાયું છે. જોકે અટલબ બ્રિજ નીચેની ખુલ્લી જગ્યા અંગે જુદા જુદા પિલરોમાં પાર્કિંગના ભાવ અને ડિપોઝિટના ભાવ પાર્કિંગના ઘસારા મુજબ નક્કી કરવામાં આવ્યા છે જેથી વિવાદ સર્જાયો છે.

શહેરના પશ્ચિમ વિસ્તારમાં વડોદરાનો સૌથી લાંબો અટલ બ્રિજ બનાવાયો છે. હવે આ બ્રિજ નીચે પાલિકા તંત્ર દ્વારા જાહેર હરાજી થી પે એન્ડ પાર્કનો કોન્ટ્રાક્ટ આપવાનો તખતો ઘડાઈ રહ્યો છે. જ્યારે બીજી બાજુ સુપ્રીમ કોર્ટનો ચુકાદો છે કે ઓવરબ્રિજ નીચેની તમામ જગ્યાનો ભાગ તદ્દન ખુલ્લો રાખવા જણાવાયું છે.

ઓવરબ્રિજ નીચેના ભાગે કોઈ હંગામી દબાણ કે બાંધકામ હોવું જોઈએ નહીં તેવું પણ ચુકાદામાં સ્પષ્ટપણે જણાવ્યું છે. આમ છતાં પાલિકા તંત્ર દ્વારા અદાલતના તિરસ્કાર રૂપે લાલબાગ ઓવરબ્રિજ નીચે રેન બસેરા બનાવી દેવાયું છે. જ્યારે અમિત નગર બ્રિજ નીચે પે એન્ડ પાર્કથી જગ્યા ભાડે આપી દેવાય છે, હવે અટલ બ્રિજ નીચેના વિવિધ પિલરની જગ્યા જુદા જુદા ચાર્જ દ્વારા જાહેર હરાજીથી ભાડે આપવાનો તખતો તૈયાર કરી દેવાયો છે.

ઉલ્લેખનીય છે કે શહેરના પશ્ચિમ વિસ્તારમાં વડોદરા નો સૌથી મોટો અને લાંબો અટલબિજ બનાવાયો છે. હવે આ બ્રિજ નીચે જુદા જુદા પિલરોની વિવિધ ખુલ્લી જગ્યા પે એન્ડ પાર્કથી ભાડે આપવા પાલિકા તંત્ર દ્વારા નક્કી કરાયું છે. જેમાં મનીષા ચોકડી, હનુમાનજી મંદિર પાસે, ચકલી સર્કલ, આંબેડકર સર્કલ અને ગેંડા સર્કલ ના વિવિધ પીલરો પાસેની ખુલ્લી જગ્યા મુજબ પાર્કિંગના ઘસારાને ધ્યાનમાં રાખીને પાલિકા તંત્ર દ્વારા જુદી જુદી ડિપોઝિટ ની રકમ નક્કી કરાઈ છે. આ ઉપરાંત આ તમામ પિલરો મુજબની ખાલી જગ્યા પ્રમાણે અને પાર્કિંગના ઘસારાને ધ્યાનમાં રાખીને પ્રતિ માસનું ઓછામાં ઓછું ભાડું પણ નક્કી કરાયું છે. જેમાં સૌથી વધુ ડિપોઝિટ મનીષા ચોકડી વિસ્તારના પિલર નં. ૧૨થી ૧૯માં અને પ્રતિ માસ મુજબ તેનું ઓછામાં ઓછું ભાડું પણ સૌથી વધુ છે. જ્યારે હનુમાનજી મંદિર પાસે પિલર નં. ૩૨થી ૩૭માં સૌથી ઓછી ડિપોઝિટ અને પ્રતિમા સૌથી ઓછું ભાડું નક્કી કરાયું છે. જોકે સુપ્રીમ કોર્ટનો સ્પષ્ટ આદેશ છે કે, કોઈપણ ઓવરબ્રિજની નીચે કોઈપણ પ્રકારનું પાર્કિંગ કે પછી કાચું-પાકું બાંધકામ હોવું જોઈએ નહીં. પરંતુ પાલિકા તંત્ર દ્વારા આ ચુકાદાને ઘોળીને પી જવાતો હોય એવી રીતે આટલા બ્રિજના જુદા જુદા પીલરોની જુદી જુદી ખાલી જગ્યાઓ નક્કી કરાયેલી ડિપોઝિટ લઈને પ્રતિ માસ મુજબ નક્કી કરાયેલા ભાડા અંગે હરાજી રાખવામાં આવી છે. જેની શરતો પાલિકાની વેબસાઈટ પરથી જોવા મળશે. અને અન્ય તમામ વિગતો સાથે અરજી આગામી તા. ૧૫ ફેબ્રુઆરી સુધી ઓફિસર સમય દરમિયાન ખંડેરાવ માર્કેટ ખાતે જમીન મિલકત અમલદાર રૂમ નં. ૨૦૩, મોકલી આપવા જણાવ્યું છે.

# નડિયાદ મનપા કમિશ્નરે ૪૬ દુકાનદારો સાથે વૈકિલ્પક વ્યવસ્થા અંગે ચર્ચા કરી

નડિયાદમાં સ્ટેશન રોડ સ્થિત સરદાર ભુવન કોમ્પ્લેક્ષની ૪૬ દુકાનોના ભાડુઆતોને મનપા કમિશ્નર દ્વારા બેઠક માટે બોલાવવામાં આવ્યા હતા. બેઠકમાં કમિશ્નર અને ભાડુઆતો વચ્ચે હાઈકોર્ટના સૂચન મુજબ ભાડુઆતો માટે અન્ય દુકાનોની વ્યવસ્થા કઈ રીતે કરવાની થાય છે તે અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી. કમિશ્નરે તમામ દુકાનદારોને સાંભળ્યા હતા અને વૈકિલ્પક વ્યવસ્થા માટે ચર્ચા-વિચારણા કરી હતી. મનપાએ દુકાનદારો પાસેથી વૈકિલ્પક વ્યવસ્થાના વિકલ્પો માંગ્યા છે.

ઉલ્લેખનીય છે કે નડિયાદમાં સરદાર ભુવનની ૪૬ દુકાનોનો પ્રશ્ન છેલ્લા લાંબા સમયથી વિવાદિત બન્યો છે. પાલિકા દ્વારા જે તે સમયે સ્ટેબિલિટી રિપોર્ટ કરાવ્યા બાદ આ દુકાનોને તોડી પાડવા નોટિસ અપાઈ હતી. આ મામલે ભાડુઆતો હાઈકોર્ટમાં પહોંચ્યા હતા. જયાં હાઈકોર્ટે પાલિકાની નોટિસને માન્ય ઠરાવી હતી. આથી ભાડુઆતો સમગ્ર મામલાને હાઈકોર્ટની ડબલ બેચ સમક્ષ લઈ ગયા હતા.

જયાં તાજેતરમાં થયેલ સુનાવણી દરમ્યાન ડબલ બેચ દ્વારા નડિયાદ મનપાને માર્મિક ટકોર કરતા જણાવ્યું હતું કે, વર્ષોથી ધંધો કરતા ૪૬ દુકાનોના વેપારીઓને અચાનક ધંધા-રોજગાર વિનાના કરી નાખવા તે યોગ્ય નથી. આ વેપારીઓને વૈકિલ્પક વ્યવસ્થા કરી આપવા કહયું હતું. વધુમાં મનપા અને ભાડુઆત દુકાનદારો વચ્ચે બેઠક કર્યા બાદ યોગ્ય નિર્ણય લઈને ૩ સપ્તાહમાં હાઈકોર્ટમાં રિપોર્ટ સબમીટ કરવા સૂચના આપી હતી. જેના પગલે આજે મનપા કમિશ્નર દ્વારા ભાડુઆતો સાથે બેઠક યોજાઈ હતી. કમિશ્નર જી.એચ.સોલંકીએ જણાવ્યું હતું કે, હકારાત્મક વલણથી યોજાયેલ આજની બેઠકમાં દુકાનદારોને સાંભળવામાં આવ્યા્રે. વૈકિલ્પક વ્યવસ્થા માટે રજૂઆત મળે તે બાબતે ચર્ચા કરી છે અને વૈકિલ્પક વ્યવસ્થા માટેના વિકલ્પો મંગાવવામાં આવ્યા છે, જે આવ્યા બાદ પુનઃ દુકાનદારો સાથે બેઠક યોજીને ચર્ચા કરવામાં આવશે. આજની બેઠક બાદ દુકાનદારોએ જણાવ્યું હતું કે, હાઈકોર્ટના નિર્દેશ મુજબ વૈકિલ્પક વ્યવસ્થા માટે આ બેઠક યોજાઈ હતી. જેમાં કમિશ્નરે હકારાત્મક વલણ દાખવ્યું છે. વૈકિલ્પક વ્યવસ્થા અંગે અમે દુકાનદારો સાથે મળીને રજૂઆત કરવા સાથે જયાં ડેવલપમેન્ટ થવાનું છે ત્યાં જ અમને પુનઃજગ્યા મળે તેવી પણ આશા છે.

# 1લી માર્ચથી શહેરને હોર્ડિંગ્સ ફ્રી સિટી બનાવવાનો ઠરાવ

## કોર્પોરેશને બેવડી નિતી અપનાવી, રાજકીય અગ્રણીઓના આગમનને આવકારતા હોર્ડિંગ્સને છૂટ

સ્થાયી સમિતિ દ્વારા વર્ષ 2025-26ના બજેટમાં તા.1લી માર્ચથી શહેરને હોર્ડિંગ્સ ફ્રી સિટી બનાવવાનો ઠરાવ કરવામાં આવ્યો છે. જોકે, ઠરાવમાં રાજકીય અગ્રણીઓના આગમનને આવકારતા હોર્ડીંગ્સ લગાવવા માટે છૂટ આપવામાં આવી છે. જ્યારે ધાર્મિક કાર્યક્રમો માટેના હોર્ડિંગ્સ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. સત્તાપક્ષ ભાજપાની બેવડી નિતીનો કેટલો અમલ થાય છે? તે એક મોટો પ્રશ્ન છે. વડોદરા કોર્પોરેશન દ્વારા હોર્ડીંગ્સ ફ્રી સિટી બનાવવા અંતર્ગત 1 માર્ચથી જાહેર સ્થળો, મુખ્ય માર્ગો અને ઐતિહાસિક ઈમારતોની આસપાસ હોર્ડિંગ્સ



લગાવવા દેવામાં આવશે નહીં. પાલિકા દ્વારા હોર્ડીંગ્સ લગાવવા સામે ઘનિષ્ઠ ઝુંબેશ શરૂ કરવામા આવશે.

સ્થાયી સમિતિ દ્વારા હોર્ડીંગ્સ ફ્રી સિટી બનાવવા માટે બજેટમાં કરવામાં આવેલા ઠરાવમાં હોર્ડીંગ્સના વિકલ્પ રૂપે કિઓસ્ક, LED લગાવી શકશે. જે માટે એજન્સી નક્કી કરવામાં આવશે. જોકે, તેના ભાવ અંગે આગામી દિવસોમાં નિર્ણય લેવામાં આવશે.

પાલિકાની સ્થાયી સમિતિનું માનવું છે કે, શહેરમાં ઠેર-ઠેર હોર્ડિંગ્સ લગાવવામાં આવે છે. ઐતિહાસિક ઈમારતો ઉપર અને તેની આસપાસ હોર્ડિંગ્સ લગાવી દેવામાં આવે છે. ચોમાસામાં ભારે પવન ફૂંકાય ત્યારે હોર્ડીંગ્સ પડવાની ઘટનાઓ બને છે. જેના કારણે લોકોના જીવ જોખમમાં મૂકાય છે. એથી વધારે વડોદરાની સુંદરતા પર પણ અસર કરે છે.

સ્થાયી સમિતિના અધ્યક્ષ ડો. શિતલ મિસ્ત્રીએ જણાવ્યું હતું કે, હોર્ડીંગ્સ ફ્રી સિટી અંતર્ગત સ્થાયીમાં મહત્ત્વના 5 ઠરાવ કરાયા છે. જેમાં વાર-તહેવારે, સામાજિક પ્રસંગોએ સાંસદ, ધારાસભ્યો, નેતાઓ, કાઉન્સિલરો અને સામાજિક કાર્યકરો અને ખુદ પાલિકા જ હોર્ડિંગ્સ લગાવે છે. ઐતિહાસિક ઈમારતો અને ચાર રસ્તા પર પણ બે રોકટોક હોર્ડિંગ લગાવાય છે. જેને રોકવા ઠરાવ કર્યો છે. 1 માર્ચથી હોર્ડિંગ્સ ફ્રી સિટી બનાવાશે. જો કે, જો કોઈ મોટા રાજકીય આગેવાન વડોદરાની મુલાકાત લે અને તેઓને આવકારવા માટે હોર્ડીંગ્સ લગાવવા હોય તો હોર્ડિંગસ લગાવવા પર પરવાનગી મળશે.

ઉલ્લેખનીય છે કે, કોઈપણ વ્યક્તિએ જાહેરાત કરાવવી હશે તો એજન્સી મારફતે જ પાલિકાની જગ્યા ઉપર જાહેરાત લગાવી શકશે. જોકે, વિપક્ષના પ્રમુખ ચંદ્રકાંત શ્રીવાસ્તવે જણાવ્યું હતું કે, તંત્રના આ નિર્ણયને અમે વખોડીએ છીએ અને હોર્ડિંગ ફ્રી શહેર બનાવવા માટે યોગ્ય નિર્ણય લે એવી માંગણી પણ કરીએ છીએ. નોંધનીય છે કે, ચોમાસા દરમિયાન હોર્ડીંગ્સ પડવાની ઘટનાઓ વારંવાર સામે આવતી હોય છે. ત્યારે આગામી તા. 1 માર્ચથી વડોદરા શહેર હોર્ડીંગ્સ ફ્રી થઈ જશે. તેવો અત્યારે ઠરાવતો કરવામાં આવ્યો છે. પરંતુ આ નિર્ણય પર વડોદરા મહાનગર પાલિકા કેટલું કાઠું કાઢે છે. તે જોવું રહ્યું.

# વડોદરામાં રખડતા ઢોર માટે ખટંબા ખાતે 7.53 કરોડનો ખર્ચે કેટલ શેડ બનાવાશે

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરના પૂર્વ વિસ્તારમાં ખટંબા ખાતે કેટલ શેડ બનાવાશે. આ માટે 7.53 કરોડનો ખર્ચ થશે સ્ટેન્ડિંગ સમિતિમાં રજૂ થયેલી દરખાસ્ત મુજબ રેવન્યુ સર્વે નંબર 245 માં કેટલ શેડમાં કેટલ હોસ્પિટલ અને ડિસ્પેન્સરી પણ બનાવાશે. રાજયની મહાનગરપાલિકાઓને રખડતાં ઢોર નિયંત્રણ અંતર્ગત જરૂરી સુવિધાઓ સાથે નવા ઢોરવાડા ઊભા કરવા અથવા તો હાલના જે કોઈ ઢોરવાડાઓ છે તેમાં મૂળભૂત સુવિધાઓ વિકસાવવા માટેની સહાય આપવામાં આવી છે.

વડોદરા કોર્પોરેશનની ઢોર પાર્ટી રખડતાં પશુઓને પકડી લાલબાગ, ખાસવાડી તથા ખટંબા સ્થિત ઢોર ડબ્બા (1) ખાતે રાખવામાં આવે છે. ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ દ્વારા અગાઉ 6 કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે. આ ઉપરાંત વર્ષ, 2024-25 માટે મ્યુનિસિપલ કોર્પોરેશનોને હાલના કેટલ પોન્ડસના ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ માટે 36 કરોડની સહાયની જોગવાઈ કરવામાં આવી હતી. જેમાંથી વડોદરાને પાંચ કરોડ રૂપિયાની જોગવાઈ રાખી હતી. કોર્પોરેશન હવે ખટંબા ખાતે (નં.-2 અને 3) બનાવવા જઈ રહી છે. જે બનતા 1,000 થી વધુ ઢોર રાખી શકાશે. ઢોર પકડવાની કામગીરી વધારવા કર્મચારીઓની વધુ ટીમો રાખવામાં આવશે અને આના માટે જરૂરી વાહનોની પણ ખરીદી કરવામાં આવનાર છે.

# વડોદરા કોર્પોરેશન દ્વારા 20 કરોડના ખર્ચે 500થી વધુ રિચાર્જિંગ વેલ બનાવવાનો શુભારંભ



શહેરમાં ચોમાસા દરમિયાન ભરાતા પાણીનો પ્રશ્ન હલ કરવા સાથે ભૂગર્ભ જળસપાટી ઊંચી લાવવા માટે વડોદરા કોર્પોરેશન શહેરમાં 500થી વધું રિચાર્જિંગ વેલ બનાવવા જઈ રહ્યું છે. આજે કમાટીબાગ પાસે 'કેચ ધી રેઈન' શીર્ષક હેઠળ પાલિકા દ્વારા રેઈન વોટર હાર્વેસ્ટિંગ ઝુંબેશનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે, કોર્પોરેશન દ્વારા ચોમાસામાં પાણી ભરાતા હોય તેવા 350 સ્થળો આઈડેન્ટીફાઈ કરવામાં આવ્યા છે.

વડોદરા કોર્પોરેશનના વિધાનસભાના દંડક બાળકૃષ્ણ શુક્લાના હસ્તે રિચાર્જિંગ વેલ બનાવવાની કામગીરીનો શુભારંભ કરાવ્યો હતો. મેયર પિન્કીબેન સોનીએ પણ રિચાર્જિંગ મશીનરીની પૂજા કરી વેલની કામગીરી શરૂ કરાવી હતી. આ પ્રસંગે મ્યુનિસિપલ કમિશનર દિલીપ રાણા, દંડક બાળકૃષ્ણ શુક્લા, સ્થાયી સમિતિના ચેરમેન ડો. શીતલ મિસ્ત્રી, શહેર ભાજપ પ્રમુખ ડો. વિજય શાહ, ધારાસભ્યો, સ્થાનિક કાઉન્સિલરો સહિત અન્ય લોકો ઉપસ્થિત રહ્યા હતા.

મ્યુનિસિપલ કમિશનર દિલીપ રાણાએ જણાવ્યું હતું કે, વડોદરા શહેરમાં 350 જેટલા વિસ્તારોમાં ચોમાસાના પાણી ભરાવાની સમસ્યા છે. આ સમસ્યાના નિવારણ માટે આ રિચાર્જિંગ વેલ બનાવવાની શરૂઆત કરવામાં આવી છે. આ વેલથી પાણી ભરાવાની સમસ્યા તો હલ થશે જ સાથે જ ભૂગર્ભ જળ પણ ઉંચુ આવશે. વિશ્વામિત્રી પ્રોજેક્ટમાં પણ રિચાર્જિંગ વેલ બનાવવા માટેનું સૂચન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત પણ આ કામગીરી શરૂ કરવામાં આવી છે.

# જાહેર જનતા જોગ : રિપોર્ટરોની નિમણૂંક રદ કરેલ છે

આથી વિતરકો, વાચકો અને જાહેરાત દાતાઓને જણાવવામાં આવે છેકે નીચે આપેલ ફોટામાં દેખાતા રિપોર્ટરોની નિમણૂંક રદ કરેલ છે. જેથી હવે પછી વોઈસ ઓફ વડોદરા ન્યુઝના નામે આ લોકો સાથે કોઈ પણ વ્યવહાર કરવો નહીં તેની નોંધ લેવી. તમામ રિપોર્ટરો આઈ કાર્ડ રદ કરવામાં આવ્યા છે તો આ તમામ રિપોર્ટર આઈ કાર્ડ ઓફિસે જમા કરાવી જવા જે વ્યક્તિ જુના આઈ કાર્ડ ને લઈને ફરશે કે પકડાશે તેનીપર કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.



દુબલીયા રફીકભાઇ મહેસાણા રિપોર્ટર ના પદે થી પદ મુક્ત કરવામાં આવ્યા છે



સૈયદ ઈમરાન સરખેજ અમદાવાદ રિપોર્ટર ના પદે થી પદ મુક્ત કરવામાં આવ્યા છે



લખવીન્દર સિંહ હરપાલસિંહ રહે પંઝાબ હાલ મહેસાણા રિપોર્ટર પદે થી પદ મુક્ત કરવામાં આવેછે



માસી અલ્તાફ નુરૂલ હુસેનભાઇ રિપોર્ટર સરસ્વતી પાટણ રિપોર્ટર પદે થી પદ મુક્ત કરવામાં આવ્યા છે

# નડિયાદમાં રૂા.10 કરોડ ઉપરાંતના વેરો વસુલવા કવાયત, 150થી વધુને નોટિસ

## મનપા હવે કડક કાર્યવાહી કરશે, આગામી દિવસોમાં અન્યોને નોટિસ અપાશે

નડિયાદની તત્કાલિન પાલિકા દ્વારા વર્ષ 2024 માં સઘન વેરા વસુલાતની સ્પેશિયલ ડ્રાઈવ યોજીને આશરે રૂ. 11 કરોડની વેરા વસુલાત કરી, કેટલીક મિલ્કતો સીલ પણ કરવામાં આવી હતી. ત્યારે હવે ફરી એકવાર મનપાની ટીમ દ્વારા વેરા વસુલાતની કવાયત હાથ ધરવામાં આવી છે. રૂ. 10 કરોડ ઉપરાંતની વેરાની વસુલાત માટે હાલમાં પાલિકાની અલગ અલગ 8 ટીમો બનાવવામાં આવી છે. જેમના દ્વારા બાકી વેરાધારકોને વેરો ભરવા તાકિદ કરવાની સાથે સાથે 150 જેટલાં મિલ્કતધારકોને નોટિસ પણ આપવામાં આવી હતી. આશરે 30 ટકા મિલ્કતધારકો દ્વારા નિયમિત વેરો ભરવામાં આવતો ન હોવાને કારણે હવે મનપા દ્વારા વધુ કડક કાર્યવાહી કરવામાં આવશે.

નડિયાદ મહાનગરપાલિકા દ્વારા બાકી વેરા વસુલાતની કામગીરી શરૂ કરવામાં આવી છે. તત્કાલિન નગરપાલિકા દ્વારા વર્ષ 2024 માં કરોડોનો મિલ્કત વેરો બાકી હોવાથી કડક કાર્યવાહી કરવામાં આવી હતી. અનેક મિલ્કતોને નોટિસ આપવાની સાથે સાથે કેટલીક મિલ્કતોને સીલ પણ કરવામાં આવી હતી.

જોકે, હવે મનપાની ટીમ દ્વારા પણ વેરા વસુલાતની કામગીરી શરૂ કરવામાં આવી છે. જેની માટે પાલિકા દ્વારા કુલ 8 ટીમ બનાવવામાં આવી છે. જેમાં બે કર્મચારીઓ મળી કુલ 16 કર્મીઓ હાલમાં નગરના અલગ અલગ વોર્ડમાં જઈને બાકી વેરાધારકોને સત્વરે વેરાની ભરપાઈ કરવાની તાકિદ કરી, 50 જેટલાં મિલ્કતધારકોને નોટિસ પણ આપવામાં આવી હતી. રહેણાંક વિસ્તાર ઉપરાંત કમર્શિયલ મિલ્કતોનો પણ બાકી વેરાધાકરોમાં સમાવેશ થાય છે.

# નડિયાદના મંજીપુરામાં દેશી દારૂ પીતા 3નાં મોતથી ખળભળાટ, પોલીસ તંત્રમાં દોડધામ

નડિયાદના મંજીપુરા વિસ્તારમાં, દેશી દારૂ પીધા પછી ત્રણ લોકોના શંકાસ્પદ મોત થયા છે. સ્થાનિક સૂત્રો મળતી માહિતી મુજબ નડિયાદની જય મહારાજ સોસાયટી પાસે દારૂ પીધાના કારણે ત્રણ જણાના મોત થવાનો મામલો સામે આવ્યો છે. નડિયાદના પોલીસ સૂત્રો ધ્વારા મળેલ માહિતી મુજબ, મૃત્યુ પામેલાઓને નડિયાદ સિવિલ હોસ્પિટલ ખાતે પોસ્ટ મોર્ટમ કરવામાં આવ્યું છે.



3 લોકોના મોતની તપાસ માટે ગાંધીનગર સ્ટેટ મોનિટરિંગ સેલના અધિકારીઓ, સ્થાનિક LCB, SOG, DYSP, અને IBની ટીમ ઘટનાસ્થળે પહોંચી છે. નડિયાદ જવાહરનાગર સોસાયટીમાં જય મહારાજ સોસાયટી પાસે, મંજીપુરા રોડ ફાટક પાસે પોલીસની ગાડીઓ પહોંચી ગઈ હતી. એક બહેરો મૂંગો વ્યક્તિ પણ આમાં ભોગ બનવાની આશંકા છે અને એક પાણી પૂરી વેચનારનું પણ મોત થયું છે.






# વડોદરા કોર્પોરેશનને વ્યવસાય વેરાની 9.76 કરોડ ગ્રાન્ટ ફાળવાઈ

રાજ્ય સરકાર દ્વારા વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનને વ્યવસાય વેરાની (50 ટકા) વર્ષ 2024-25 ની ગ્રાન્ટ પ્રો રેટા મુજબ 9.76 કરોડ ફાળવાઈ છે. આ ગ્રાન્ટ માંથી આંતર માળખાકીય વિકાસના કામો કરવા કોર્પોરેશને 16.88 કરોડની ગ્રાન્ટના કામો મૂક્યા છે. મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ દ્વારા અગાઉ અગ્રતા ધરાવતા હોય તેવા કામો તૈયાર કરીને કોર્પોરેશનની સામાન્ય સભાની મંજૂરી મેળવી ગ્રાન્ટનો વપરાશ કરવા જણાવ્યું છે. જેમાં ઉત્તર ઝોનમાં 2 કરોડના વરસાદી ગટર અને ડ્રેનેઝના 9 કામ, દક્ષિણમાં પાણી, ગટર અને વરસાદી ગટરના 2 કરોડના 15 કામ, પૂર્વ ઝોનમાં પણ આવા જ 10 કામો 2.38 કરોડના, પશ્ચિમ ઝોનમાં 3.74 કરોડના 15 કામો તેમજ રોડ પ્રોજેક્ટના 6.70 કરોડના 3 કામો મળી કુલ 52 કામો મંજૂરી માટે સ્થાયી સમિતિમાં મૂક્યા છે. સ્થાયી સમિતિની મંજૂરી બાદ આ કામોને સમગ્ર સભાની મંજૂરી માટે સરકારમાં રજૂ કરવામાં આવશે.







# ફતેગંજ બ્રિજ રિસર્ફેસિંગ માટે બંધ,1 લાખથી વધુ વાહનચાલકો અટવાયા, પિક અવર્સમાં સર્વિસ રોડ પર ચક્કાજામ

ફતેગંજ બ્રિજ પર રિસર્ફેસિંગનું કામ કરવાનું હોવાથી 8 ફેબ્રુઆરીએ સવારથી પોલિટેક્નિકથી ફતેગંજ બ્રિજનો એક તરફનો માર્ગ બંધ કરી દેતાં સર્વિસ રોડ પર સમગ્ર દિવસ ટ્રાફિક જામ રહ્યો હતો. ફતેગંજ બ્રિજ રિસર્ફેસિંગ માટે 6 ફેબ્રુઆરીથી 19 માર્ચ સુધી 41 દિવસ બંધ રહેશે, તેવી જાહેરાત પાલિકા દ્વારા કરાઈ હતી. જેનાં બોર્ડ પણ બ્રિજ પાસે લગાવી દેવાયાં હતાં. જોકે પાલિકાએ 2 દિવસ બાદ એટલે કે 8 ફેબ્રુઆરીએ બ્રિજ પર કામ શરૂ કર્યું છે. ઉલ્લેખનિય છે કે, કલાલી બ્રિજ શનિવારે રાતે 12 વાગે રિસર્ફેસિંગ માટે બંધ કરાશે.

પાલિકા દ્વારા 8 ફેબ્રુઆરીએ સવારથી જ ફતેગંજ બ્રિજ પર કામગીરી શરૂ કરવા માટે એક રસ્તો બંધ કરી દેતાં નોકરી-ધંધાર્થે જનારા લોકોએ બ્રિજ નીચેના સર્વિસ રોડનો ઉપયોગ કરવો પડ્યો હતો. જ્યાં સવારે અને સાંજે પિક-અવર્સમાં વાહનોનો ચક્કાજામ સર્જાયો હતો. અટલ બ્રિજ અને પંડ્યા બ્રિજ પરથી પસાર થઈને આવનારા અંદાજિત 1 લાખ વાહનચાલકોને ટ્રાફિકની સમસ્યાનો સામનો કરવો પડ્યો હતો. જ્યારે ફતેગંજ બ્રિજ બંધ હોવાની જાણ થતાં કેટલાક વાહન ચાલકો અટલ બ્રિજ ઊતરીને યુ-ટર્ન મારીને ટ્રાફિકથી બચવા માટે અલકાપુરી ગરનાળા સહિતના રસ્તાઓનો ઉપયોગ કર્યો હતો. ફતેગંજનો એક તરફનો રસ્તો રિસર્ફેસિંગ થયા બાદ ઈએમઈ સર્કલથી પંડ્યા બ્રિજ તરફ જવાનો બ્રિજનો રસ્તો બંધ કરાશે.



# વડોદરાના વારસિયા વિસ્તારમાં આવેલ સુપર બ્રેડ નામની શોપમાંથી સડેલો પફ નીકળ્યો

વડોદરા શહેરના વારસિયા વિસ્તારમાં સુપર બ્રેડ નામની બેકરી શોપમાંથી ખરીદેલો પફ સડેલો નીકળ્યો હોવાનો આરોપ ગ્રાહક દ્વારા લગાડવામાં આવ્યો છે. ગ્રાહકનું મીડિયાને કહેવું છે કે, આ પફ સુંઘતા જ તેમને ઉબકા આવી ગયા હતા. જો આ પફ તેમના પેટમાં ગયો હોત તો શું હાલત થાત ? આ વાત અંગે દુકાન સંચાલકનું ધ્યાન દોરવા જતા તેણે ગ્રાહક જોડે ઉદ્ધતાઈપૂર્વકનું વર્તન કર્યું હતું. જેથી ગ્રાહકે મીડિયા સમક્ષ પોતાની વ્યથા ઠાલવીને લોકોને આ ઘટનાથી અવગત કરાવ્યા હતા.

વડોદરામાં પૈસા ખર્ચ્યા બાદ પણ બિનઆરોગ્યપ્રદ ખાદ્યપદાર્થો ગ્રાહકને વળગાડવામાં આવતા હોવાનો સિલસિલો અટકવાનું નામ નથી લઈ રહ્યો. ક્યારેક ભોજનમાંથી જીવાત નીકળે, તો ક્યારેક મૃત અવશેષો, આ કિસ્સાઓ સામે આવ્યા બાદ પાલિકાની ખોરાક શાખાની ટીમો કાર્યવાહી તો કરે છે. પરંતુ કાર્યવાહી એટલી અસરકારક નથી હોતી કે તે બાદ આવા કિસ્સાઓ પર લગામ કસી શકાય. તાજેતરમાં વારસિયા વિસ્તારમાં સુપર બ્રેડ નામની બેકરી શોપમાંથી ગ્રાહકે પફ ખરીદ્યો હતો. પફ ખાવા જતા તેમાં વિચીત્ર પ્રકારની વાસ આવતી હોવાથી તેમણે પફ ખોલ્યો હતો. પફ ખોલતા તેમાં કાળા કલરનો સડેલો માવો દેખાયો હોવાનો દાવો ગ્રાહક દ્વારા કરવામાં આવી રહ્યો છે.

ગ્રાહકે મીડિયાને જણાવ્યું કે, હું વારસિયામાં બન અને પફ લેવા માટે આવ્યો હતો. મેં પફ લીધો અને જેવો તેને ખાવા ગયો ત્યાં એકદમ ગંદી વાસ આવી હતી. તે બાદ મને ઉબકા આવવાના શરૂ થઈ ગયા હતા. જેથી મેં પફ ખોલીને જોતા તે અંદરથી સડેલો હોવાનું જણાયું હતું. મેં દુકાનદારને કહ્યું તો, તેણે કરણભૈયા નામના શખ્સને ફોન કર્યો હતો. તેને કહેવા જતા તેણે મને કહ્યું કે, શાંતિથી વાત કર, જે થાય તે કરી લે. જેથી હું મીડિયા સમક્ષ મારી વ્યથા જણાવી રહ્યો છું. આટલી મોટી દુકાનમાં લોકોની સેહત જોડે ખીલવાડ કરવામાં આવી રહ્યો છે. આ ભાઈએ બદતમીજી કરી એટલે મારે આ સ્ટેપ લેવું પડ્યું છે, બાકી મારો બીજો કોઈ ઈરાદો ન હતો.

# પાલિકાનું પેન્ડિંગ મોડલ : સંજયનગર સહિત 3548 મકાન 8 વર્ષે અધૂરાં,લાભાર્થીના ભાડામાં પણ ધાંધિયાં

કેન્દ્ર સરકારે શહેરમાંથી ઝૂંપડાઓને દૂર કરી ત્યાંના લોકોને પાકાં મકાનો મળે તે માટે પીપીપી ધોરણે પ્રધાનમંત્રી આવાસ યોજનાઓ મંજૂર કરી હતી. જોકે શહેરમાં આ યોજના હેઠળ લાભાર્થીઓને મળનારાં મકાનોનું બાંધકામ છેલ્લાં 8 વર્ષથી પેન્ડિંગ છે. વારસિયા સંજયનગર, તાંદલજા સહકારનગર અને દંતેશ્વર મધુનગરનાં 3548 મકાનો 8 વર્ષે પણ અધૂરાં છે.

બીજી તરફ ભાડાં ન મળતાં હોવાની ફરિયાદો વચ્ચે લાભાર્થીઓની હાલત કફોડી થઈ રહી છે. પાલિકાનું તંત્ર વારસિયા સંજયનગરમાં જમીનની માલિકી મુદ્દે થયેલી પીઆઈએલ, તાંદલજા સહકારનગરમાં જમીનનું ક્લીયરન્સ અને મધુનગરમાં વિલંબ થવા પાછળ કોરોનાકાળ અને કોન્ટ્રાક્ટરની ઢીલી નીતિ જેવાં કારણો ગણાવી રહ્યું છે.

તાંદલજાના સહકારનગરમાં વસાહતોને દૂર કરી 1428 મકાનો બનાવવા માટેનો પ્રોજેક્ટ વર્ષ 2015માં અમલમાં મૂકાયો હતો. તળાવને કારણે વિવાદ થયો હતો.

પાલિકાના ઈડબ્લ્યુએસનાં આવાસો માટેની જગ્યા પીપીપી મોડેલ અંતર્ગત ડેવલપરને સોંપવા માટે સરકારની મંજૂરી મગાઈ હતી. વર્ષ 2022ના જૂન માસમાં ટેન્ડરની શરતોમાં ઉમેરો રાજ્ય સરકારની મંજૂરી માગતી દરખાસ્તને સભામાં મંજૂર કરાઈ હતી. સરકાર પાસેથી ઈડબ્લ્યુએસનાં આવાસો માટેની જગ્યા ડેવલપરને સોંપવા અંગેની મંજૂરી હાલમાં આવી હોવાનું અધિકારીઓનું કહેવું છે. છતાં આ પ્રોજેક્ટને 8 વર્ષનો સમય વીતી ગયો છે. તેવામાં ડિસેમ્બર 2025 સુધીમાં મકાનો બની જશે તેવો દાવો કરાઈ રહ્યો છે. વાઘોડિયા રોડ પર દંતેશ્વર કસબામાં મધુનગર આવાસ યોજના 8 વર્ષથી ખોરંભે પડી છે. વર્ષ 2023માં પૂર્વ મેયર કેયુર રોકડિયાએ મધુનગર વસાહત ખાતે પહોંચી 2 પાકાં મકાનોનાં દબાણો હટાવ્યાં હતાં. ત્યારબાદ ગત વર્ષે હાલના મેયરે પણ સ્થળ વિઝિટ કરી હતી અને ગોકળગતિએ ચાલતી કામગીરી મુદ્દે અધિકારીઓને ટકોર કરી હતી છતાં તેની કામગીરી પર કોઈ અસર પડી નથી.

# વડોદરા કોર્પોરેશનને 15મા નાણાપંચની ભલામણો મુજબ બે વર્ષની 56.96 કરોડ ગ્રાન્ટ મળશે

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનને કેન્દ્ર સરકારની 15મા નાણાપંચની ભલામણો મુજબ વર્ષ 2024-25 તથા 2025-26 માં એર ક્વોલીટી ઈમ્પ્રુવમેન્ટ પેટે મળનાર ગ્રાન્ટ હેઠળ કરવામાં આવનાર 65.4 કરોડના 12 કામોને સ્ટેન્ડિંગ સમિતિએ મંજૂરી આપી છે. વડોદરા કોર્પોરેશનને વર્ષ 2024-25 માં 25.26 કરોડ તથા 2025-26 વર્ષમાં 31 કરોડ મળીને કુલ 56.96 કરોડની ગ્રાન્ટ મળનાર છે. આ ગ્રાન્ટ હેઠળ 18.4 કરોડના રોડ પ્રોજેક્ટરના કામો થનાર છે. જેમાં ફૂટપાથ બનાવવી, રોડ પહોળા કરવા વગેરે કામોનો સમાવેશ થાય છે. આમાં સૌથી મોટું કામ એરપોર્ટ સર્કલથી અમિત નગર ચાર રસ્તા થઈ વુડા સર્કલથી ફતેગંજ સર્કલ સેવન સીઝથી શાસ્ત્રી બ્રિજ સુધી નવી ફૂટપાથ 3.7 કરોડના ખર્ચનું છે. આ ઉપરાંત બે કરોડના ખર્ચે શહેરના જુદા-જુદા વિસ્તારોમાં ફુવારા બનાવવા, સુરસાગર તળાવ ખાતે ફાઉન્ટેન મૂકવા, પ્રધાનમંત્રી ઈ-બસ સેવા હેઠળ 19 કરોડના ખર્ચે ચાર્જિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું કરવું, સ્મશાનોમાં 20 કરોડના ખર્ચે ઈલેક્ટ્રિસિટી અને ગેસ ચિતા બનાવવી વગેરે કામોનો સમાવેશ થાય છે. કોર્પોરેશનને અગાઉના તમામ નાણાકીય વર્ષ સુધીમાં મળેલ ગ્રાન્ટનો 75% વપરાશ કરી સરકારમાં યુટીલાઈઝેશન સર્ટિફિકેટ રજુ કરતા આગળના વર્ષની ગ્રાન્ટ રિલીઝ કરવામાં આવે છે. જોકે જે કામો મૂકવામાં આવ્યા છે, તેમાં ફેરફાર કરી નવા કામ ઉમેરવા કમિશનરને સત્તા આપવામાં આવી છે.

# સ્થાયી સમિતીની બેઠક: બેઠકમાં મહત્વના નિર્ણય અંગે ચર્ચા, કાર્યપાલક ઈજનેર સામે કાર્યવાહિ કમિશનર કરશે; મોટા ભાગના કામોને મંજૂરી

વડોદરા મહાનગરપાલિકામાં આજે સ્થાયી સમિતિની બેઠક યોજાઈ હતી. જેમાં 31 જેટલા કામો અંગેના મુદ્દાઓ રજૂ કરવામાં આવ્યા હતા. જેમાંથી મોટાભાગના કામોને મંજૂરી આપવામાં આવી છે, તો કેટલાક કામોને ના મંજૂર અને કેટલાક કામોને મુલતવી રાખવામાં આવ્યા છે. આ સાથે જ કાર્યપાલક એન્જિનિયર પ્રમોદ વસાવા સામે નોંધાયેલી ફરિયાદ અંગે ગુજરાત રાજ્ય જીપીએમસી એક્ટ મુજબ કાર્યવાહી અંતર્ગત મ્યુનિસિપલ કમિશનરને સુપ્રત કરવામાં આવ્યું છે.

સ્થાયી સમિતિની આ બેઠકમાં ખૂબ જ ચર્ચાસ્પદ ધર્મેન્દ્રસિંહ વાઘેલા માટે જુના ભાવે જમીન વેચવાના દરખાસ્ત પર બ્રેક લગાવવામાં આવી છે, તો બીજી તરફ પ્રમોદ વસાવા વિરુદ્ધ કાર્યવાહી કરવા માટે કમિશનરને સુપ્રીત કરવામાં આવી છે. તો બીજી તરફ બ્રોનટો સ્કાય લિફટના રીપેરીંગ માટેની આવેલી લાખો રૂપિયાની દરખાસ્તમાં વિવાદ સર્જાયો હતો અને એક જ ડીલરને કામ સોપાનના નિર્ણય પર સવાલો ઊભા થયા હતા અને આ દરખાસ્તને મુલતવી રાખવામાં આવી છે.

સ્થાયી સમિતિમાં રજૂ થયેલી દરખાસ્તમાં શહેરમાં એફોર્ડેબલ હાઉસિંગ સ્કીમમાં થયેલી ગેરેરીતિ સામે પોલીસ અને ખાતાકીય તપાસ બાદ પ્રમોદ વસાવા વિરુદ્ધ શિસ્ત ભંગની કાર્યવાહી કરવા અંગેની દરખાસ્ત કમિશનર દ્વારા મૂકવામાં આવી હતી. આ માટે ગૂજરાત રાજ્ય GPMC એક્ટ હેઠળ કમિશનર કાર્યવાહિ કરે તેવી વાત કરવમાં આવી છે. આ સ્થાયી સમિતિ કાર્યવાહિ ન કરતા આખરે નિર્ણય કમિશનર કરશે.

શહેરના માંજલપુર વિસ્તારમાં કરોડોની કિંમત ધરાવતી જમીનનું વિવાદિત પ્રસ્તાવ આજે મનપાની સ્થાયી સમિતિની બેઠકમાં રજૂ કરવામાં આવ્યો હતો જે મુલતવી રાખવામા આવી હતી. આ જમીન વર્ષ 2020માં જાહેર હરાજી દ્વારા વેચવામાં આવી હતી, પરંતુ વાંધાઓને કારણે ભંડોળ ભરવામાં નિષ્ફળ રહેલા ધારાસભ્ય ધર્મેન્દ્રસિંહ વાઘેલાની કંપની હવે વર્ષ 2021ની જૂની કિંમત પર જ આ જમીન મેળવવાનો કારસો રચ્યાની ચર્ચાઓ છે. હાલના તબક્કે સ્થાયી સમિતિએ આ મામલાને મુલતવી રાખ્યો છે. આગામી દિવસોમાં આ જમીન સામે વધું ભાડું વસૂલી અપાય તો નવાઈ નહી.

# સયાજી હોટલ વિશ્વામિત્રી નદીમાં પાણી છોડે છે,જોડાણ કાપીને હોટલ સીલ કરો

## ભાજપનાં મહિલા કોર્પોરેટરે મ્યુનિ. કમિશનરને પત્ર લખીને આક્ષેપ કર્યા

ભીમનાથ બ્રિજ પાસે સયાજી હોટલના સંચાલકો દ્વારા વિશ્વામિત્રીમાં દૂષિત પાણી છોડાતું હોવાના આક્ષેપ કરી ભાજપનાં કાઉન્સિલર જાગૃતિ કાકાએ હોટલને સીલ કરી કનેક્શન કાપવા રજૂઆત કરી છે. શુક્રવારે કાર્યપાલક ઈજનેર સાથે સ્થળ મુલાકાત કરી કાર્યવાહી કરવા સૂચન કર્યું હતું.

ભાજપના વોર્ડ 13નાં કાઉન્સિલર જાગૃતિ કાકાએ મ્યુનિ. કમિશનરને પત્ર લખી જણાવ્યું છે કે, વિશ્વામિત્રી નદીનું ખાસ મહત્ત્વ છે. નદીના ઘાટ પર ઋષિ મુનિઓએ તપ કર્યું છે, પરંતુ આજના સમયમાં વિશ્વામિત્રી દૂષિત પાણીથી ખૂબ ચર્ચામાં રહે છે. તેવામાં ભીમનાથ બ્રિજ પાસે સયાજી હોટલના સંચાલકો દ્વારા ડ્રેનેજનું પાણી ખુલ્લેઆમ વિશ્વામિત્રીમાં છોડાય છે. જેને લીધે જળચર પ્રાણીઓને મોટા પાયે નુકસાન થાય તેમ છે. જેથી સયાજી હોટલનું ડ્રેનેજનું કનેક્શન તાત્કાલિક ધોરણે કાપી હોટેલને સીલ કરવાની કાર્યવાહી કરવામાં આવે. ઉપરાંત હોટલ ગેરકાયદે હોવાથી તેને તોડવા સાથે સંચાલકો પર કાયદેસરની કાર્યવાહી કરવી જોઈએ, તેવી જાગૃતિ કાકાએ માગ કરી હતી. બીજી તરફ સ્થળ પર ગયેલા અધિકારીએ વોર્ડ 12ના અધિકારીઓને તપાસ કરવા માટે કહ્યું છે. આ અંગે સયાજી હોટલના પ્રતિનિધિ સાથે વાત કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ કોઈ પ્રતિભાવ મળ્યો નહોતો.

# માણેક પાર્ક સર્કલ પાસે આવેલ પટેલ રજવાડી ચા સ્ટોલમાંથી 16 વર્ષીય બાળશ્રમિકને મુક્ત કરાવાયો

## બાળ મજૂરી રોકવા કાર્યવાહી:પટેલ રજવાડી ચા સ્ટોલના બેજવાબદાર સંચાલક સામે કાર્યવાહી

વડોદરાના એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટ દ્વારા પટેલ રજવાડી ચા સ્ટોલમાંથી બાળ શ્રમિકને મુક્ત કરાવ્યો છે. સ્ટોલ સંચાલક દ્વારા બાળમજૂરી કરાવવામાં આવતી હોવાનું ધ્યાને આવતા ટીમ દ્વારા સ્થળ તપાસ કરવામાં આવી હતી. જેમાં 16 વર્ષીય સગીર મળી આવ્યો હતો. જે બાદ આ મામલે હરણી પોલીસ મથકમાં જુવેનાઈલ જસ્ટીસ એક્ટ - 2015 મુજબની ફરિયાદ નોંધવામાં આવી છે. અને સ્ટોલ સંચાલક સામે વધુ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે.




વડોદરાના એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટની ટીમો હરણી પોલીસ મથક વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી. તે દરમિયાન ટીમને બાતમી મળી કે, પટેલ રજવાડી ચા, માણેકપાર્ક સર્કલમાં સ્ટોલ સંચાલક દ્વારા નાના બાળકો પાસે મજૂરી કરાવીને તેમનું શોષણ કરવામાં આવી રહ્યું છે. જેથી ટીમો તુરંત સ્થળ તપાસ માટે પહોંચી હતી. સ્થળ તપાસ કરતા એક 16 વર્ષીય સગીર મળી આવ્યો હતો. જેની વિગતો મેળવીને તેને તેના સગા સંબંધીઓને સોંપવામાં આવ્યો છે. આ મામલે પટેલ રજવાડી ચા સ્ટોલના બેજવાબદાર સંચાલક દેવીલાલ લવજી પાટીદાર (મુળ રહે. વનોરી, હાડમલા, સાગવાડા, ડુંગરપુર, રાજસ્થાન) સામે હરણી પોલીસ મથકમાં જુવેનાઈલ જસ્ટીસ એક્ટ - 2015 મુજબની ફરિયાદ નોંધવામાં આવી છે. જે બાદ પોલીસે આ મામલે વધુ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# આરટીઓના ઈન્સ્પેક્ટર અને આસિ. ઈન્સ્પેક્ટર 11મીએ માસ સીએલ પર જશે : કામગીરી ઠપ

## એડવાન્સમાં એપોઈન્મેન્ટ લેનારાઓએ આરટીઓ કચેરીનો ધક્કો પડશે.

આરટીઓના ઈન્સ્પેક્ટર અને આસિ. ઈન્સ્પેક્ટર 11મીએ માસ સીએલ પર જશે. જેને પગલે આરટીઓનું તમામ કામ ખોરવાશે. જેને પગલે અરજદારો સતત બે દિવસ અટવાશે. એડવાન્સમાં એપોઈન્મેન્ટ લેનારાઓએ આરટીઓ કચેરીનો ધક્કો પડશે.

ગુજરાત મોટર વાહન વિભાગના ટેક્નિકલ ઓફિસર્સ એસોસિયેશનના પ્રોબેશન, બઢતી, બદલી સહિતના પ્રશ્નો ન ઉકેલાતાં ઈલેક્શન અને રોડ સેફટી સિવાયની તમામ કામગીરી નહીં કરી હડતાળ પાડશે. ડ્રાઈવિંગ ટેસ્ટ ટ્રેકથી લઈને દંડના મેમોની માંડવાળી, વાહન ચેકિંગ, સારથિને લગતી તમામ કામગીરીથી અળગા રહેશે. સોમવારે ડ્રાઈવિંગ લાઈસન્સના ટેસ્ટ લેવાની કામગીરી બંધ રહી હતી. આરટીઓના ટેક્નિકલ ઓફિસર્સ એસોસિયેશને અત્યાર સુધી રાજ્યભરમાં કાળી પટ્ટી બાંધી વિરોધ કર્યો હતો. હવે 10મીએ રાજ્યની આરટીઓના ઈન્સ્પેક્ટર્સ અને આસિસ્ટન્ટ ઈન્સ્પેક્ટર્સ નો લોગ ઈન ડે હેઠળ એક દિવસ કામગીરીથી અળગા રહશે. ઈન્સ્પેક્ટરો અને આસિ. ઈન્સ્પેક્ટરો લોગ ઈન નહીં કરે. દરેક કામ કમ્પ્યૂટરમાં લોગ-ઈન પછી જ થઈ શકે છે, જેથી અનોખો વિરોધ કરાશે.

# મુસાફરોની ગેરકાયદે હેરાફેરી કરતા ૫૯ વાહનો ડિટેન

## અમિત નગર સર્કલ,ગોલ્ડન ચોકડી અને દુમાડ ચોકડી વિસ્તારમાં ચેકિંગ

વડોદરા,શહેરના અલગ-અલગ પીકઅપ સ્ટેન્ડ પરથી ગેરકાયદે રીતે મુસાફરોની હેરાફેરી કરતા વાહન ચાલકો સામે ટ્રાફિક પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી.પોલીસે બે દિવસમાં ૫૯ વાહનો ડિટેન કર્યા છે. જ્યારે એક વાહન ચાલક સામે ગુનો દાખલ કરવામાં આવ્યો છે. ગેરકાયદે રીતે મુસાફરો બેસાડતા વાહન ચાલકો સામે ટ્રાફિક પોલીસ દ્વારા ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. ટ્રાફિક પી.આઈ., પી.એસ.આઈ. તેમજ સ્ટાફની જુદી - જુદી ટીમો બનાવી અમિત નગર સર્કલ, દુમાડ બ્રિજ તેમજ ગોલ્ડન બ્રિજની આજુબાજુના પીકઅપ સ્ટેન્ડ પર ઉભા રહેતા વાહન ચાલકો સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. બે દિવસમાં પોલીસે ૫૩ ઈકો કાર તેમજ અન્ય ૬ વાહનો મળી કુલ ૫૯ વાહનો ડિટેન કર્યા છે. આગામી દિવસમાં શહેરના અન્ય પીકઅપ સ્ટેન્ડ પર પણ કાર્યવાહી હાથ ધરવામાં આવશે. આજવા રોડ, ડભોઈ રોડ સોમા તળાવ, વાઘોડિયા રોડ ઉમા ચાર રસ્તા, ગંજખાના ચોકી, અટલાદરા, કીર્તિસ્થંભ, માંજલપુર, છાણી જકાત નાકા વિસ્તારમાં પણ આ રીતે અંડીગો જમાવીને ઉભા રહેતા વાહન ચાલકો સામે પણ કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

# હરણી બોટ દુર્ઘટનામાં તમામ મૃતક બાળકના પરિવારને વળતર પેટે રૂ. 31,75,700 આપવાનો સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટે હુકમ

વડોદરામાં હરણી બોટ દુર્ઘટનામાં તમામ મૃતક બાળકના પરિવારને વળતર પેટે રૂ. 31,75,700 આપવાનો સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટે હુકમ કર્યો છે. આ ઘટનામાં 12 બાળકો અને બે શિક્ષક સહિત કુલ 14 લોકોના મોત થયા હતા. આ આદેશ કરતા વડોદરા સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ વી. કે.સાંબડેએ જણાવ્યું છે કે, હાઈકોર્ટની અજીના આધારે તમામ મૃતક બાળકના પરિવારજનોને વળતર પેટે રૂ. 31,75,700 તથા બે શિક્ષકોને અનુક્રમે રૂ. 11,21,900 અને રૂ. 16,68,209 તેમજ ઈજાગ્રસ્તોને રૂ. 50,000નું વળતર આપવામાં આવે છે. આ ઉપરાંત નક્કી કરેલી વળતરની રકમ પર જાહેર હિતની અરજીની દાખલ તારીખથી વસૂલાત સુધીના સમયગાળા માટે વાર્ષિક 9% વ્યાજ દર પ્રમાણે રકમ મળવાપાત્ર રહેશે.

હરણી બોટ કાંડ અંગે વડોદરા કોર્પોરેશનની સામાન્ય સભામાં ભાજપના કોર્પોરેટર આશિષ જોષી સહિતના નેતાઓએ વારંવાર રજૂઆતો કરી હતી. તેમણે કોર્પોરેશન પર આક્ષેપ કરતા જણાવ્યું હતું કે, 'આ વર્ષે કોર્પોરેશનની ભૂલના કારણે કુલ 30 વ્યક્તિએ જીવ ગુમાવ્યો. હરણી બોટ કાંડમાં 14 વિદ્યાર્થી અને બે શિક્ષિકા સહિત કુલ 14 લોકોના મોત થયા. આ દુર્ઘટનાને એક વર્ષ વીતી ગયું હોવા છતાં પીડિત પરિવારો લાચારીથી મદદ માટે આજીજી કરી રહ્યા છે, જે આપણા માટે શરમજનક છે.'

આ ઘટનાના એક વર્ષ પછી તપાસ કરતાં અધિકારીને લાગ્યું હતું કે, ફરિયાદી જ આરોપી છે, જેથી કોર્પોરેશનના અધિકારી રાજેશ ચૌહાણના પેન્શનમાંથી રૂ. 5000 કપાત કરવાનો કમિશનર હુકમ કર્યો. આ હુકમ પછી અનેક લોકોએ ઉગ્ર માગ કરતા કહ્યું હતું કે, કમિશનરના હુકમ પરથી જ સાબિત થાય છે કે આ પ્રકરણમાં રાજેશ ચૌહાણ દોષિત છે. જેથી મ્યુનિસિપલ કમિશનરે તેમની સામે વધારાની પોલીસ ફરિયાદ કરવી જોઈએ.

Siddhi I.C.U. & MULTISPECIALITY HOSPITAL
મહારાણી ગર્લ્સ હાઈસ્કુલ પાસે, કપ્તાન ફળિયા, રાવપુરા, વડોદરા-૩૯૦૦૦૧.
NABH Accredited
સિટી એરિયાનું એકમાત્ર સુસજ્જ ઓપરેશન થિયેટર અને આઈ.સી.યુ. ની સુવિધા ધરાવતું હોસ્પિટલ
ઓ.પી.ડી., આઈ.સી.યુ., દાઝેલા માટે સ્પે. સારવાર, સુસજ્જ ઓપરેશન થીયેટર, ડાયાલીસીસ વિભાગ, ૨૪×૭ તાત્કાલિક સારવાર, એક્ષ-રે વિભાગ, ફિઝીઓથેરાપી, ફાર્મસી, લેબોરેટરી ૨૪ કલાક, એમ્બ્યુલન્સની સુવિધા, આરોગ્યપ્રદ આહારની સુવિધા
(0265) 2432100 72260 15001 (ICU) 72260 15002 (ઈમરજન્સી)

EDITOR- PRINTER-PUBLISHER & OWNER BY : GHADHIYALI MUMTAZ NISARMAHENDI PRINTED BY : HIMALI GRAPHICES & PRINTING PRESS MANOHAR CHOWK,VACCHEVAD NADIAD 387001. GUJARAT, INDIA. PUBLICATION BY : A-15, RAJIV AAVASH, NEAR J.P. POLICE STATION, TANDALJA, VADODARA-390012 , DIST, GUJARAT,
*RESPONSIBLE FOR SELECTION OF NEWS UNDER PRB .ACT N EDITOR : GHADIYALI MUMTAZ NISARMAHENDI.